# Arbitral Tribunal award on the request of Italy in respect of a dispute concerning the incident of 15 February 2012 involving Italian tanker "Enrica Lexie" and Indian fishing vessel "St. Antony"

July 02, 2020

## ઈટાલીની વિનંતી પર, ઈટાલિયન ટેંકર “એનરિકા લેક્સી” અને “સેંટ એન્ટોની” નામની ભારતીય માછલી પકડવાની નૌકા સમાવતી 15 ફેબ્રુઆરી 2012 નાં રોજની ઘટના બાબતની તકરારનાં સંબંધમાં આર્બિટ્રલ ટ્રિબ્યુનલનો ચુકાદો

જુલાઈ 02, 2020

ઈટાલીની વિનંતી પર, ઈટાલિયન ટેંકર “એનરિકા લેક્સી” અને “સેંટ એન્ટોની” નામની ભારતીય માછલી પકડવાની નૌકા સમાવતી 15 ફેબ્રુઆરી 2012 નાં રોજની ઘટના બાબતની તકરારનાં સંબંધમાં 26 જૂન 2015 નાં રોજ સમુદ્ર સંબંધિત કાનૂન પરનાં સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (યુએનસીએલઓએસ) નાં પરિશિષ્ટ VII અંતર્ગત રચવામાં આવેલા આર્બિટ્રલ ટ્રિબ્યુનલે તેનો ચુકાદો આપ્યો છે. આ ચુકાદાનાં મુખ્ય બિંદુઓ આ પ્રમાણે છે:

• ટ્રિબ્યુનલે યુએનસીએલઓએસની જોગવાઈઓ અંતર્ગત ઘટનાનાં સંબંધમાં ભારતીય સત્તાધિકારીતાઓનાં વ્યવહારને સમર્થન આપ્યું હતું. તેણે સમર્થન કર્યું હતું કે ઈટાલિયન મિલિટરી અધિકારીઓનાં કૃત્યો અને પરિણામી, ઈટાલીનાં કૃત્યોએ યુએનસીએલઓએસની કલમ 87(1)(એ) અને 90 અંતર્ગત ભારતની નૌવહન સ્વતંત્રતાનું ઉલ્લંઘન કર્યું હતું.

• ટ્રિબ્યુનલે અવલોકન કર્યું કે ઘટના પર ભારત અને ઈટાલી પાસે સમવર્તી અધિકાર ક્ષેત્ર હતા અને નૌસેનિકો સામે અપરાધિક કાર્યવાહી સ્થાપિત કરવા માટે માન્ય કાનૂની આધાર હતો. ટ્રિબ્યુનલે નૌસૈનિકોને અટકાયતમાં રાખવા બદલ વળતરનાં ઈટાલીનાં દાવાને નકારી કાઢ્યો હતો. જોકે, તે એવા તારણ પર આવ્યું કે રાજ્યનાં અધિકારીઓ તરીકે નૌસૈનિકોને મળેલી પ્રતિરક્ષા ભારતીય અદાલતોનાં અધિકાર ક્ષેત્ર માટે અપવાદ તરીકે કામગીરી કરે છે, અને તેથી, તેઓને ચુકાદો આપવા પર રોકે છે.

• ટ્રિબ્યુનલે 15 ફેબ્રુઆરી 2012 ની ઘટનાઓમાં તેની અપરાધિક તપાસણી ચાલું રાખવાની ઈટાલી દ્વારા વ્યક્ત કરવામાં આવેલી પ્રતિબદ્ધતાની નોંધ લીધી હતી.

• ટ્રિબ્યુનલે નિર્ણય લીધો હતો કે ભારત “સેંટ એન્ટોની” નાં કેપ્ટન અને અન્ય ચાલક દળનાં સભ્યોને પહોંચેલી

જીવનની ક્ષતિ, શારીરિક હાનિ, સંપત્તિનું આર્થિક નુકશાન અને નૈતિક હાનિનાં સંબંધમાં વળતરની ચૂકવણી માટે હકદાર છે. ટ્રિબ્યુનલે એવું પણ સમર્થન આપ્યું કે ભારતને આપવાની થતી વળતરની રકમ પર સમજૂતિ પર પહોંચવા માટેનાં દ્રષ્ટિકોણ સાથે પક્ષકારોને એકબીજા સાથે પરામર્શ કરવા માટે આમંત્રિત કરવામાં આવે. ટ્રિબ્યુનલે એવો પણ નિર્ણય લીધો કે  જો બન્ને પક્ષકારોમાંથી કોઈ એક અથવા બન્ને પક્ષકારો ભારતને આપવાનાં થતા વળતરની માત્રાનાં સંબંધમાં આર્બિટ્રલ ટ્રિબ્યુનલ પાસેથી હુકમ મેળવવા માટે અરજી કરવા ઈચ્છે તો તે અધિકાર ક્ષેત્ર જાળવી રાખશે.

ભારતે ચુકાદાની નોંધ લીધી છે અને આ બાબત પર સંબંધિત સંસ્થાઓ સાથે સંપર્કમાં રહેશે.

**નવી દિલ્હી**
**જુલાઈ 02, 2020**

DISCLAIMER : This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.